
# આજે જીએસએલવી-ડીપ રોકેટ રવાના થશે

ચેન્નાઈ, તા.૧૮

જીએસએલવી-ડીપ રોકેટ લોન્ચ માટેનું કાઉનડાઉન આજે સવારે શરૂ થઈ ગયું હતું. આની સાથે જ ભારતીય અવકાશ વિજ્ઞાનના વૈજ્ઞાનિકો હવે એક નવા તબક્કામાં પહોંચવાની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. મેગા સેટેલાઈટ લોન્ચ અને સંશોધનના ક્ષેત્રમાં નવા તબક્કામાં વૈજ્ઞાનિકો હવે આગળ વધશે. ૨૯ કલાક બાદ સોમવારે ૪.૫૦ વાગે જીએસએલવી-ડીપ રોકેટને લોન્ચ કરવામાં આવશે. જીએસએલવી-ડીપ રોકેટ મારફતે ટેલિકોમ્યુનિકેશન ઉપગ્રહ જીસેટ-૧૪ને લોન્ચ કરવામાં આવશે. ચેન્નાઈથી ૧૦૦ કિલોમીટરના ઉત્તરે સ્થિત શ્રીહરિ ક્વોટા ખાતેથી જીએસએલવી-ડીપ રોકેટ જીસેટ-૧૪ ઉપગ્રહને લઈને રવાના થશે. તમામ વૈજ્ઞાનિકોની નજર આના ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. જીસેટ-૧૪ ઉપગ્રહનું વજન ૧૯૮૨ કિલોગ્રામ જેટલુંછે. પ્રસારણ અને દુરસંચાર માટે જીસેટ-૧૪ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. દેશ માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિ રહેશે. કારણ કે સ્વદેશી ક્રાયોજેનિક એન્જીનનો ઉપયોગ આનામાં કરવામાં આવ્યો છે. અગાઉ ૧૫મી એપ્રિલ ૨૦૧૦ના દિવસે સ્વદેશી ક્રાયોજેનિક એન્જીનના ઉપયોગનો પ્રથમ પ્રયાસ કરાયો હતો. જો કે એ વેળા આમા નિષ્ફળતા મળી હતી. જીએસએલવી-ડીઉને લોંચ કરતી વેળા સ્વદેશી ક્રાયોજેનિક એન્જીનનો ઉપયોગ કરાયો હતો પરંતુ આમા નિષ્ફળતા હાથ લાગી હતી. ઈસરોના શસ્ત્રાગારમાં હવે વધુ એક રશિયન ક્રાયોજેનિક એન્જીન રહી ગયું છે. સ્વદેશી ટેકનોલોજીની સફળતા ઉપર પણ તમામની નજર છે. ઈસરોના વરિષ્ઠ વૈજ્ઞાનિક ચેરમેન રાધાકૃષ્ણનના નેતૃત્વમાં ટીમ પરિસ્થિતિ ઉપર નજર રાખી રહી છે. જીએસએલવી-ડીઉ ઉપર નજર રાખવામાં આવી રહી છે. કાઉન ડાઉન શરૂ થયા બાદ વૈજ્ઞાનિકો ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે. આવતીકાલે



સોમવારે સવારે નવ વાગ્યાની આસપાસ ક્રાયોજેનિક એન્જીનમાં જરૂરી ધ્યાન આપીને ફ્યુઅલ ઉમેરવામાં આવશે.

સતીષ ધવન સ્પેસ સેન્ટરના વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે રોકેટના તમામ પરિબળો યોગ્ય રીતે કામ કરી રહ્યા છે જેમાં હેલ્થ અને વેધર પરિસ્થિતિનો સમાવેશ થાય છે. ભારતને જીએસએલવી લોંચ કરવા માટે ક્રાયોજિનક એન્જીનની જરૂર છે. ત્રણ ટનથી વધારે વજન ધરાવતા પેલોડને લઈને જઈ શકે તેવા જીએસએલવી લોંચ કરવા ક્રાયોજેનિક એન્જિનની જરૂર પડે છે. ટેલીકોમ્યુનિકેશન અને આંતરિક્ષ સંશોધનના ભાવિમાં આ સુવિધા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. જીએસએલવી-ડીપનું વજન ૪૧૪ ટનની આસપાસ છે. વર્ષ ૧૯૯૪ બાદથી ભારતે પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ્સ સાથે સતત ૨૩ સફળતા મેળવી છે. પીએસએલવીનો ઉપયોગ હવે આવનાર સમયમાં પણ કરવામાં આવનાર છે.

## સોનાનો ભાવ ડિસેમ્બર સુધી ૩૧ હજાર સુધી પહોંચી શકે

મુંબઈ,તા. ૧૮

સોનાની કિંમતમાં ફરી એકવાર વધારાનો સિલસિલો શરૂ થઈ ગયો છે. આ વર્ષના અંત સુધી સોનાની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૩૧ હજારની આસપાસ પહોંચે તેવી સંભાવના દેખાઈ રહી છે. અલબત્ત સરકારે તાજેતરમાં જ



સોનાની આયાત ઉપર નિયંત્રણો મુક્યા બાદ સોનાની માંગ ૮૬૦ ટનની આસપાસ રહે તેવી સંભાવના છે. એંજલબ્રોકિંગના હેડ કોમોડિટી વડા નવીન માથુરે માહિતી આપતા કહ્યું છે કે, ડોલર સામે રૂપિયામાં મંદિ પ્રવર્તી રહી છે. સાથે-સાથે ઊંચી ડ્યુટી હોવાના પરિણામ સ્વરૂપે સોનાની કિંમતમાં વધારો થઈ શકે છે. ડિસેમ્બરના અંત સુધી સોનાની સપાટી ૩૦,૫૦૦થી ૩૧,૦૦૦ વચ્ચે રહી શકે છે. ગોલ્ડ એમસીએક્સની કિંમત અંતરરાષ્ટ્રીય બજારમાં વધી રહી છે. ગોલ્ડ એમસીએક્સની કિંમત ૨૮,૬૦૦ નોંધાઈ છે. જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ ૧૩૭૬.૭૦ ડોલર પર પહોંચી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો સરકાર સોનાની આયાત ઘટે તેવા વધુ પગલા લેશે તો તેની કિંમત ઉપર વધુ દબાણ આવશે અને ભાવ પણ વધશે તથા સપ્લાયને પણ અસર થશે. આ વર્ષના અંત સુધી આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત ૧૩૭૫-૧૪૦૦ ડોલરની આસપાસ રહી શકે છે. સોના માટેની માંગ ગયા વર્ષે પણ આ ગાળામાં વધારે રહી હતી.

## ત્રાસવાદી સાથે મળી પાક સેના અંકુશ રેખા પર વધુ હુમલા કરશે

ગલી,તા. ૧૮

અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા નિયમિત રીતે કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગના કારણે તંગ સ્થિતી વચ્ચે આજે સેનાએ કહ્યું હતું કે પાકિસ્તાન અંકુશ રેખા પર ભારતની અગ્રીમ ચોકીઓ પર વધારે હુમલાઓ કરી શકે છે. આવી ઈન્ટેલિજન્સ બાતમી મળ્યા બાદ સૈનાના જવાનો સાવધાન થઈ ગયા છે. સેનાએ કહ્યું છે કે એવી બાતમી મળી છે કે સરહદ પર બોર્ડર એક્શન ટીમ(બીએટી) હુમલા કરવાના પાકિસ્તાન પ્રયાસ કરી રહ્યું છે. બોર્ડર એક્શન ટીમ એટેકનો મતલબ એ છે કે પાકિસ્તાન જવાનોની સાથે ત્રાસવાદી ટોળકીના સભ્યો પણ રહેશે. જાન્યુઆરીમાં તેના બે જવાનોના મોત બાદ પાકિસ્કતાન આવા હુમલા કરવાના સતત પ્રયાસો કરી રહ્યું છે. પૂંચ સેક્ટરમાં અંકુશ રેખા પર ભારતના પાંચ જવાનોને હાલમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ૧૨૦ ઈન્ફેન્ટ્રી બ્રિગેડ કમાન્ડર એ. સેનગુપ્તાએ કહ્યું છે કે અંકુશ રેખા પર પૂંચ સેક્ટરમાં ભીમભર ગલીમાં પરિસ્થિતી પર નજર રાખવામાં આવી રહી છે. તેઓ આ વિસ્તારમાં પહોંચ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા હતા. પુચમાં અંકુશ રેખા પર વધારે બેટ હુમલા થવાનો ખતરો છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે આ મુજબની વાત કરી હતી. યુદ્ધવિરામના ભંગના પ્રયાસો પાકિસ્તાન દ્વારા હાલમાં વધારી દેવામાં આવ્યા છે.

બ્રિગેડ કમાન્ડર સેનગુપ્તાએ કહ્યું હતું કે પાકિસ્તાનના બેટ હુમલાનો યોગ્ય જનાબ આપવા માટે અમે તૈયાર છીએ. સેનાના અધિકારીએ કહ્યું હતું કે પહેલી જાન્યુઆરીથી પાંચમી ઓગષ્ટ વચ્ચેના ગાળામાં આ વર્ષે પાકિસ્તાનની સેના દ્વારા ૭૦ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. સેનાના અધિકારીઓએ કહ્યું છે કે ગયા વર્ષે આ જ ગાળા દરમિયાન થયેલા યુદ્ધ વિરામના ભંગના કેસોમાં ૮૫ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. તાજેતરના સપ્તાહમાં થઈ રહેલા ગોળીબારના કારણે સરહદ પર તંગદીલી ઉભી થઈ ગઈ છે. આ વર્ષે ઓગષ્ટ મહિના દરમિયાન પાકિસ્તાન દ્વારા અગ્રીમ ચોકીઓ, નાગરિક વિસ્તારો અને પેટ્રોલિંગ પાર્ટી પર ગોળીબાર કર્યો છે. પાકિસ્તાની સૈના દ્વારા મોર્ટાર બોમ્બ, રોકેટ, આરપીજી અને હાઈ કેલિબર શસ્ત્રો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલી યુદ્ધવિરામની સમજુતી પાળવામાં આવી રહી નથી. પાકિસ્તાનના ઉશ્કેરણીજનક ગોળીબારના લીધે સરહદ પર તંગ સ્થિતી સર્જાયેલી છે.

## ગેંગ રેપ પ્રકરણમાં ૨૨મીથી અંતિમ દલીલો પર સુનાવણી

નવી દિલ્હી,તા. ૧૮

વસંત વિહાર ગેંગરેપ મામલામાં સુનાવણી હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. કોર્ટે આ મામલામાં ડિફેન્સ ટીમને બે વધુ સાક્ષી રજૂ કરવાની મંજૂરી આપી દીધી છે. સાથે સાથે અંતિમ દલીલો સાંભળવા માટે ૨૨મી ઓગસ્ટની તારીખ નક્કી કરી દીધી છે. મામલાની સુનાવણી કરી રહેલા એડીશનલ સેશન જજ યોગેશ ખન્નાએ કહ્યું છે કે ગુરુવારના દિવસથી અંતિમ દલીલો ઉપર સુનાવણી શરૂ થશે. આ અગાઉ કોર્ટે આરોપી વિનયને પોતાના દાવાને પૂરવાર કરવા માટે વધુ બે સાક્ષી રજૂ કરવાની મંજૂરી આપી હતી. સાથે સાથે ડિફેન્સ ટીમને સૂચના આપી હતી કે સોમવારના દિવસથી એટલે કે આવતીકાલથી પોતાની બચાવ કામગીરી બંધ કરી દે. એએસજેનું કહેવુંછે કે તેઓ અંતિમ દલીલની સુનાવણી માટે ૨૨મી ઓગસ્ટની તારીખ નક્કી કરી રહ્યા છે જેથી વધુ પ્રક્રિયા હાથ ધરી શકાશે. બચાવ પક્ષ આના માટેની તૈયારી પૂર્ણ કરી લે. ત્યારબાદ વધારે તક આપવામાં આવશે નહીં. વિનય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર ઉપર આ ચુકાદો કરવામાં આવ્યો છે. આરોપીએ વધુ ત્રણ સાક્ષી રજૂ કરવા રજૂઆત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ૧૬મી ડિસેમ્બરના દિવસે મુનીરકા વિસ્તારમાં પેરામેડીકલની એક વિદ્યાર્થીની સાથે છ લોકોએ ચાલતી બસમાં ગેંગરેપ કર્યો હતો. આ મામલામાં એક આરોપી રામસિંહ તિહાર જેલમાં આપઘાત કરી ચૂક્યો છે. જ્યારે અન્ય એક આરોપીની વય બનાવ વખતે કિશોર હોવાથી તેને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ મોકલી દેવામાં આવ્યો છે. ચાર આરોપીઓની સામે સાકેતની ફાસ્ટટ્રેક કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી છે.

## ઉત્તરાખંડમાં હોનારત બાદ હજુ ૫૧૦૦ લોકો લાપત્તા

દહેરાદૂન,તા. ૧૮

ઉત્તરાખંડમાં ૧૬ અને ૧૭મી જૂનના દિવસે હિમાલ્યન સુનામી બાદ હજારો લોકો લાપત્તા થયેલા છે. હજુ પણ આ લોકોની કોઈ ભાળ મળી નથી. હવે ઉત્તરાખંડ મિસીંગ પીપલ સેલના ઈન્ચાર્જ અજય પ્રદયોગે કહ્યું છે કે ઉત્તરાખંડમાં ૩૦૦ જેટલા વિદેશી લોકો હજુ પણ લાપત્તા થયેલા છે. રૂદ્રપ્રયાગ, ચમોલી અને ઉત્તર કાશી જિલ્લાઓમાંથી આ વિદેશી નાગરિકો લાપત્તા થયા હતા. લાપત્તા લોકોની અપડેટ યાદી તૈયાર કરી દેવામાં આવી છે જે મુજબ લાપત્તા લોકોની સંખ્યા એક માત્ર વિદેશીઓની ૩૦૦થી ઉપર છે. તેમણે ઉમેર્યું હતું કે વિદેશી પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ સહિત લાપત્તા લોકોની સંખ્યા ખૂબ મોટી છે. એકંદરે કુલ લાપત્તા લોકોની સંખ્યા ૫૧૦૦ જેટલી છે. જ્યારે સત્તાવાર રીતે આ કુદરતી હોનારતમાં મોતનો આંકડો ૫૮૦ જેટલો જણાવવામાં આવ્યો છે. લાપત્તા થયેલાઓમાં નેપાળના ૧૦૦ લોકો હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે અમેરિકા અને યુએઈ સહિત અન્ય દેશના નાગરિકો પણ લાપત્તાની યાદીમાં સામેલ છે. જુદા જુદા સોર્સ પાસેથી ટેલિફોન અમને મળ્યા છે જેમાંથી લાપત્તા લોકોની સંખ્યા જાણી શકાઈ છે. ઉત્તરાખંડમાં વરિષ્ઠ આઈએએસ ઓફિસરે કહ્યું છે કે લાપત્તા વિદેશી લોકોની વાસ્તવિક સંખ્યા અંગે ઘણી બધી ગૂંચવણ છે જેથી રાજ્ય સરકારે લાપત્તા લોકોના વાસ્તવિક આંકડાની યાદી મોકલવા તમામ વિદેશી સરકારોને સૂચના આપવામાં આવી છે. આ દેશો પાસેથી લાપત્તા લોકોની યાદી મળી ગયા બાદ વાસ્તવિક આંકડો જાણી શકાશે. નેપાળના સૌથી વધુ ૧૦૦ વિદેશી નાગરિકો છે. અમેરિકા અને યુએઈના પણ મોટી સંખ્યામાં વિદેશી લોકો રહેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડમાં ૧૬ અને ૧૭મી જૂનના દિવસે વિનાશકારી પૂરના કારણે વ્યાપક નુકસાન થયું હતું. સંપત્તિની સાથે સાથે મોટી ખુવારી પણ થઈ હતી.

## ગોરખાલેન્ડ ફોરમ સાથે મુખ્ય પક્ષે જ છેડો ફાડ્યો

દાર્જીલિંગ,તા. ૧૮

જીજેએમના વડા બિમલ ગુરંગની સંયુક્ત પ્લેટફોર્મ ઉપર અલગ રાજ્ય માટે લડત ચલાવવાની વ્યૂહરચનાને મોટો ફટકો પડ્યો છે. કારણ કે અખિલ ભારતીય ગોરખા લીગે ગોરખાલેન્ડ જોઈન્ટ એક્સન કમિટિમાંથી નીકળી જવાનો નિર્ણય કર્યો છે. આની રચના કરવામાં આવ્યાના ૨૪ કલાકની અંદર જ અખિલ ભારતીય ગોરખા લીગે છેડો ફાટી લેતા મોટો ફટકો પડ્યો છે. એબીજીએલના પ્રમુખ ભારતી તમાંગે કહ્યું છે કે તેઓએ છેડો ફાડી લીધો છે. કારણ કે ગંભીર પ્રકારના મતભેદો ઊભા થયા હતા. બીજી બાજુ મોરચાના નેતાઓએ ભંગાણમાં ભૂમિકા ભજવવાનો તૃણમૂલ કોંગ્રેસ ઉપર આક્ષેપ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અલગ રાજ્યની માંગણીને લઈને હાલ લડત ચલાવવામાં આવી હતી. તેલંગાણાની રચના કરવામાં આવ્યા બાદથી આને લઈને ઝુંબેશ તીવ્ર બની હતી.

**પૂછપરછ દરમિયાન ટુંડાના અનેક ખુલાસા**

## દાઉદની સાથે સઈદની ઓળખ તેણે કરાવી : ટુંડાએ દાવો કર્યો

નવી દિલ્હી,તા. ૧૮

ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમના નજીક શખ્સ અબ્દુલ કરીમ ટુન્ડાએ પુછપરછ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. જેથી પાકિસ્તાનનો પર્દાફાશ થયો છે. ટુન્ડાએ પુછપરછ દરમિયાન કહ્યું છે કે હાફીઝ સઈદની ઓળખ દાઉદ સાથે તેણે જ કરાવી હતી. ટુંડાએ એમપણ કહ્યું છે કે, દાઉદ પાકિસ્તાનના કરાંચીમાં રહે છે.ટુંડાની દિલ્હી પોલિસની સ્પેશ્યલ સેલ દ્વારા ભારત-નેપાળ સરહદ પરથી ધરપકડ કરવામાં આવી હતી. ટુંડાની ધરપકડ એવા સમયમાં કરવામાં આવી છે જ્યારે એક અખાત દેશે તેને પરત મોકલી દીધો હતો.

ટુંડા ઉપર દેશમાં ૪૦થી વધારે બોંબ બ્લાસ્ટ કરવાના મામલાઓમાં કાવતરાનો આક્ષેપ છે. ૭૦ વર્ષીય ટુંડા બોંબ બનાવવામાં નિષ્ણાંત ગણવામાં આવે છે. વર્ષ ૧૯૯૬માં તેની સામે ઈન્ટરપોલ દ્વારા રેડકોર્નર નોટિસ



જારી કરવામાં આવી હતી. ટુંડાની ધરપકડને એક મોટી સફળતા તરીકે ગણીને જણાવવામાં આવ્યું છે કે, તેની ધરપકડથી ઘણી નવી બાબત સપાટી પર આવી શકે છે. તેની પૂછપરછથી લશ્કર એ તોયબાની ગતિવિધિ અંગે માહિતી મળી શકશે. વર્ષ ૨૦૦૧માં સંસદ પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાનને જે ૨૦ આતંકવાદીઓની યાદી સોંપી હતી તેમાં ટુંડાનો પણ સમાવેશ હતો. તેની ધરપકડથી તપાસ વધુ તીવ્ર બનશે.

સીબીઆઈએ ટુંડા ઉપર જમ્મુ-કાશ્મીરની બહાર લશ્કર એ તોયબાના એક મોટા હુમલાને નિષ્ફળ બનાવવાનો આક્ષેપ પણ કર્યો હતો. ટુંડા ઉપર મુંબઈ, હૈદરાબાદ, દિલ્હી, રોહતક, જલંદરમાં થયેલા ૪૩ બ્લાસ્ટનો સમાવેશ થાય છે. આમાં ૨૦થી વધુના મોત થયા હતા અને ૪૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ જીલ્લાના પીખુઆનો નિવાસી ટુંડા છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૩ના દિવસે ઈન્ટરસિટી ટ્રેનમાં થયેલા બ્લાસ્ટમાં પણ સામેલ હતો.

## સિન્ધુરક્ષક બનાવમાં વધુ એક મૃતદેહ મળી આવ્યો

મુંબઈ,તા. ૧૮

આઈએનએસ સિન્ધુરક્ષક બનાવમાં શોધખોળ યથાવતરીતે જારી રહી છે. સુત્રોએ કહ્યું છે કે લાપતા થયેલા નૌકા સેનાના જવાનો પૈકી વધુ એકનો મૃતદેહ મળી ાવતા ચકચાર મચી ગઈ છે. નેવી ડાઈવર્સ દ્વારા ઉંડી શોધખોળ કરવામાં આવી રહી છે. અન્ય લાપતા થયેલા જવાનો અને અધિકારીઓના મૃતદેહ શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે. શનિવારના દિવસે નોર્વે, સિંગાપોર અને અન્ય કેટલાક દેશોના પ્રતિનિધીઓએ દુર્ઘટનાનો શિકાર થયેલી સમબમરીન પર પહોંચ્યા હતા અને ચકાસણી કરી હતી. શનિવારના દિવસે જ આ કંપનીઓના પ્રતિનિધીઓ લાઈન્સ ગેટ ખાતે નેવલ ડોકયાર્ડની મુલાકાત લીધી હતી. સાથે સાથે નોકા સેનાના ટોચના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. શનિવારે વધુ એક મૃતદેહ મળતા શોધખોળ જારી રાખવામાં આવી છે. આ મૃતદેહને ડીએનએ ચકાસણી અને પોસ્ટ મોર્ટમના હેતુથી જેજે હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યો હતો.

## સમાચાર ઝલક

- બિહારમાં નૌકા દુર્ઘટના બનતાં, ૧ વ્યક્તિનું મોત, નૌકામાં ૨૫ વ્યક્તિઓ સવાર હતી.
- એક સપ્તાહમાં ૭૦૦ પોઇન્ટ સેન્સેક્સ ગબડ્યો.
- સોનામાં ભારે ઉછાળો, ૩૧૦૦૦ ની સપાટી વટાવી.
- દિલ્હી સરકાર તરફથી વેંચાતી ડુંગળી હલકી ક્વોલિટીની, દિલ્હીવાસીઓમાં ઉગ્ર રોષ.
- ડીસામાં બિસ્માર રસ્તા બાબતે લોક આંદોલન.
- બુધવારે શાસ્ત્ર મુજબ બળેવ ઉજવાશે.
- ઇમ્પેક્ટ ફી નો ગુજરાતમાં નબળો પ્રતિસાદ.
- ઇજિપ્તમાં છેલ્લા એક અઠવાડિયાથી ચાલુ અથડામણમાં ૮૦૦ થી વધુ વ્યક્તિઓનાં મોત.
- આ.પી.એસ. રાહુલ શર્માની પત્નીનું ડેન્ગ્યુને કારણે સ્ટર્લીંગ હોસ્પિટલમાં મૃત્યુ.
- રાજકોટ-સોમનાથ ટ્રેન સેવા શરૂ કરાઇ.
- પુંછ-કાશ્મીરની સરહદે સતત સાતમાં દિવસે પાકિસ્તાની સેનાનો ગોળીબાર.
- આઝમગઢમાં દૂષિત પાણી પીવાથી અનેક લોકો બીમાર પડ્યા.
- પારસીઓનાં નૂતન વર્ષ પતેતીનાં દબદબાપૂર્વક ઉજવણી. સંજાણમાં પારસીઓનો સમુહ ઉમટ્યો.
- ધાનેરા પાલિકામાં ભંગાણ, પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત.
- શ્રાવણ માસમાં ભોળાનાથને અભિષેકના કારણે દૂધના વપરાશમાં વધારો.
- આતંકી ટુંડાએ અનેક ચોંકાવનારી માહિતી સ્પેશયલ સેલ અને એન.આઇ.એ એજન્સીને આપી.
- કાશ્મીરમાં મોટા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રી પકડાઇ.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

તેની પ્રેરણા તેના સૈનિકોને પણ મળી અને જમાદારે કચ્છી થાણા પર પુન:અધિકાર મેળવવામાં સફળતા મેળવી. મનોબળ અને સંકલ્પ શક્તિ દૃઢ હોય તો આત્મશ્રદ્ધા જાગૃત થાય છે.

'દૂર દૂર દોડી જા તું દાંતાળી દેવી પરીક્ષા'

ઠોઠ વિદ્યાર્થીના મનોભાવ વ્યક્ત કરતી આ કાવ્ય પંક્તિમાં મનોબળ અને આત્મશ્રદ્ધાનો અભાવ પણ ઘોતક છે. હાથ પર લીધેલા કાર્યને પાર પાડવા માટે ઘાણીના ઉંટની જેમ વૈતરૂં કરવા છતાં કશી ભલીવાર ન થાય તેનું બનતું હોય છે. આ બાબતના મૂળમાં તો સંકલ્પ શક્તિ અને આત્મશ્રદ્ધાનો અભાવ જ કારણભૂત હોય છે. મનુષ્ય આત્મશ્રદ્ધાવાન બને, તેનામાં આત્મશ્રદ્ધા જાગૃત થાય એ માટે વિદ્વાન લેખક બહાદરશાહ પંડિતે અનવઘ વિચાર દર્શાવતાં કહ્યું છે:

આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા એ મનુષ્ય જીવનનાં બે ચાલક બળ છે. માનવ રથના એ બે પૈડાં છે. આત્મશ્રદ્ધા રાખનારને પ્રભુ હંમેશા સહાય કરે છે.

ચંપારણ્યમાં ગાંધીજી પેલા ગોરાને બંગલે જઈને કહી શક્યા હતા: 'લ્યો સાહેબ, તમારે મારૂં ખૂન કરવું છે ને? આ હું ઉભો તમારી સામે' અને આવી જ શ્રદ્ધાને બળે દાવાનળની આગ વચ્ચે નોઆખલીમાં પ્રવાસ ખેડી શક્યા હતા.

કુંવરબાઈનું મામેરૂં કરવા ગયેલા નરસિંહ મહેતા પાસે કશી સામગ્રી નહોતી, પણ ખાલી છાબ આગળ બેસીને ભજન કરતાં એમને ખાત્રી હતી કે શામળિયો એમની મજાક નહીં થવા દે. આવી આત્મશ્રદ્ધા ઉદભવી શકે એ માટે ઈશ્વર શ્રદ્ધાની પશ્ચાદ ભૂમિકા જરૂરી છે. નિયંતાની યોજનામાં જેને શ્રદ્ધા હોય છે એ પોતાના પ્રત્યેક કાર્યમાં અડગ રહી શકે છે.

**(સંદર્ભ સૌજન્ય : 'મન મનોબળ અને મનોસિદ્ધિ', 'કચ્છ મંજૂષા' અને અન્ય સાહિત્ય.)**

## અમરનાથમાં દર્શન માટે આજે છેલ્લો કાફલો જશે

જમ્મુ,તા. ૧૮

અમરનાથ યાત્રા પૂર્ણ થવાના આરે પહોંચી ગઈ છે. આવતીકાલે બેઈઝકેંપથી અમરનાથ શ્રદ્ધાળુઓની છેલ્લી ટુકડી રવાના થશે. નુનવાન બેઈઝકેંપથી આ શ્રદ્ધાળુઓ રવાના થશે. શ્રીઅમરનાથ મંદિર બોર્ડના વધારાના મુખ્ય કારોબારી અધિકારી પી પી સિંહે એક નિવેદનમાં કહ્યું છે કે,હવામાનની સ્થિતિ હજુ સારી દેખાઈ રહી છે. પહેલગામ રૂટથી શ્રદ્ધાળુઓની છેલ્લી ટુકડીનો ચંદનવાડી પાર કરવાની મંજુરી આપવામાં આવશે. અમરનાથ યાત્રા રક્ષાબંધનના દિવસે પૂર્ણ થઈ રહી છે. અમરનાથ યાત્રા રક્ષાબંધનના દિવસે પરીપૂર્ણ થયા બાદ તંત્રને મોટી રાહત થશે. વાર્ષિક અમરનાથ યાત્રા આ વર્ષે ૨૮મી જુનના દિવસે શરૂ થઈ હતી. હજુ સુધી ૩.૫૦ લાખ શ્રદ્ધાળુઓ ૩૮૮૦ મીટરની ઉંચાઈએ સ્થિત પહાડીમાં કુદરતી રીતે બનતા શિવલિંગના દર્શન કરી ચુક્યા છે. આ વર્ષે અમરનાથયાત્રા હજુ સુધી શાંતિપૂર્ણ રહી છે. યાત્રા શરૂ થઈ ત્યારે આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો હતો.

**ભારતમાં ૧૭૧ કરોડથી વધુની કમાણી**

## હવે પાકમાં ચેન્નઈ એક્સપ્રેસે સફળતાના કરેલા નવા રેકોર્ડ

મુંબઈ,તા.૧૮

બોલીવુડના બાદશાહ શાહરૂખખાનની ફિલ્મ ચેન્નઈ એક્સપ્રેસની ઝડપ યથાવત રીતે જારી



છે. કમાણીના મામલામાં આ ફિલ્મે માત્ર ભારતમાં જ નહીં બલ્કે વિદેશમાં પણ અનેક રેકોર્ડ તોડી દીધા છે. ૧૭૧ કરોડથી વધુની કમાણી સાથે ચેન્નઈ એક્સપ્રેસ બોલીવુડમાં કિંગ બની ગઈ છે. બીજીબાજુ પાકિસ્તાનમાં પણ આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ છે. ચેન્નઈ એક્સપ્રેસે હવે પાકિસ્તાની બોક્સઓફિસ ઉપર પણ જોરદાર ધમાલ મચાવી દીધી છે. ઈદના દિવસે આ ફિલ્મ રજુ થયા બાદ શાહરૂખ અને દિપીકા અભિનીત રોહિત શેટ્ટીની આ ફિલ્મ પાકિસ્તાનના સૌથી મોટા શહેર કરાંચીમાં બોક્સઓફિસમાં ભારે ધૂમ મચાવી રહી છે. પાકિસ્તાનની સૌથી મોટી ફિલ્મ ડિસ્ટ્રીબ્યુશન કંપની આઈએમજીસીના પ્રવકતા મોહમ્મદ કાદરીએ કહ્યું છે કે, ભારતીય ફિલ્મોની રજુઆતને મંજુરી મળ્યા બાદ ચેન્નઈ એક્સપ્રેસ સૌથી સફળ થયેલી ફિલ્મો પૈકીની એક છે. કાદરીનું કહેવું છે કે, ચેન્નઈ એક્સપ્રેસ કરાંચીના સાત થિયેટરોમાં ચાલી રહી છે. આ ફિલ્મે આશરે ૪ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ અગાઉ કરાંચીમાં સૌથી વધારે સફળતા મેળવનાર ફિલ્મ સલમાનખાનની દબંગ હતી. કાદરીનું કહેવું છે કે, ચેન્નઈ એક્સપ્રેસ ફિલ્મની ટિકિટોની જોરદાર માંગ જોવા મળી રહી છે. દરરોજ પાંચથી છ શો દર્શાવવામાં આવી રહ્યા છે. ચેન્નઈ એક્સપ્રેસને હજુય વધુ સફળતા હાથ લાગે તેવી સંભાવના છે. પેડપ્રીવ્યુ અને સેટેસલાઈટ અધિકારોના મામલામાં પણ ચેન્નઈ એક્સપ્રેસ ફિલ્મને રજુઆત પહેલા જ સારી સફળતા મળી હતી.

## પોલિસી રેટમાં હાલમાં કોઈ ઘટાડો નહીં કરાય

નવી દિલ્હી,તા. ૧૮

રિઝર્વ બેંક હાલમાં ડોલર સામે રૂપિયામાં થઈ રહેલા ઘટાડાને અંકુશમાં લેવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. જેથી રિઝર્વ બેંક રેટમાં કાપમાં વિલંબ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે.

બારકલેના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ડિસેમ્બર-એપ્રિલ ૨૦૧૪ના ગાળા બાદ રેટમાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગ્લોબલ બ્રોકરેજ કંપની બારક્લેના જણાવ્યા મુજબ આરબીઆઈ હાલમાં ડોલર સામે રૂપિયાને સ્થિર કરવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરશે. મે મહિના બાદથી ડોલર સામે રૂપિયામાં ૧૩ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે. ગયા સપ્તાહમાં ડોલર સામે રૂપિયાએ ૬૨ની સપાટી પાર કરી લીધી હતી. આરબીઆઈએ હાલમાં રૂપિયા ઉપર મુખ્ય નજર કેન્દ્રીત કરી છે. ફાઈનાન્સીયલ સર્વિસ સાથે સંકળાયેલા જાણકાર નિષ્ણાંતો માને છે કે, ચાવીરૂપ પોલિસી રેટ આ નાણાકીય વર્ષમાં ૭૫ બેઝીક પોઈન્ટ સુધી ઘટશે. ૭૫ બેઝીક પોઈન્ટના રેટમાં ઘટાડો થઈ શકે છે. આરબીઆઈ ૧૮મી સપ્ટેમ્બરે તેની પોલિસી સમીક્ષા જારી કરશે.